Wednesday
12.06.2024
*Volume :8 * Issue No.322
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...


# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,
*Managing Editor: Arjun Sondarva
* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-



# પ્રધાનમંત્રીએ દરેકને યોગને તેમના જીવનનો અભિન્ન ભાગ બનાવવાનો આગ્રહ કર્યો



### આ ઉપરાંત વીડિયોનો એક સેટ પણ શેર કર્યો છે જે વિવિધ આસનો અને તેના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપે છે

કમલમ્ ન્યુઝ, તા.૧૧

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દરેક વ્યક્તિને યોગને તેમના જીવનનો અભિન્ન ભાગ બનાવવાનો આગ્રહ કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે યોગ આપણને શાંતિનું વાતાવરણ પ્રદાન કરે છે, જેના કારણે આપણે જીવનના પડકારોને શાંત અને ધૈર્યની સાથે સામનો કરવા સક્ષમ થઈએ છીએ. આગામી યોગ દિવસને ધ્યાનમાં રાખીને, શ્રી મોદીએ વીડિયોનો એક સેટ પણ શેર કર્યો જે વિવિધ આસનો અને તેના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપે છે. પ્રધાનમંત્રીએ અનેક X પોસ્ટ્સ કરતા કહ્યું; "આજથી દસ દિવસ બાદ, વિશ્વ ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવશે, જે એક એકતા અને સદ્ભાવની ઉજવણીની એક શાશ્વત પ્રથા છે. યોગે સાંસ્કૃતિક અને ભૌગોલિક સીમાઓને ઓળંગી છે, અને સમગ્ર વિશ્વમાં લાખો લોકોને સર્વગ્રાહી સુખાકારીની શોધમાં જોડ્યા છે." આ વર્ષનો યોગ દિવસની નજીક આવતા જ, યોગને આપણા જીવનનો અભિન્ન ભાગ બનાવવા અને અન્ય લોકોને પણ તેણે જીવનનો ભાગ બનાવવા માટે પ્રોત્સાહિત કરવાની આપણી પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરવી જરૂરી છે. યોગ આપણને શાંતિનો અનુભવ કરાવે છે, જેના કારણે આપણે જીવનના પડકારોને શાંત અને ધૈર્યની સાથે પાર કરવામાં સક્ષમ થઈએ છીએ." યોગ દિવસ નજીક આવતા જ, હું કેટલાંક વીડિયો શેર કરી રહ્યો છું, જે વિવિધ આસનો અને તેના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપશે. મને આશા છે કે આ તમને બધાને નિયમિત રીતે યોગાસન કરવા માટે પ્રેરણા આપશે."

# પ્રધાનમંત્રીને ઓમાનના સુલતાન તરફથી અભિનંદનનો ફોન આવ્યો

### મહામહિમે ભારતના લોકોની પ્રગતિ અને સમૃદ્ધિ માટે શુભેચ્છાઓ પાઠવી



**પ્રધાનમંત્રીએ તેમની શુભેચ્છાઓ બદલ તેમનો આભાર માન્યો અને ડિસેમ્બર ૨૦૨૩માં મહામહિમની ભારતની ઐતિહાસિક મુલાકાત પર પ્રકાશ પાડ્યો**

**પ્રધાનમંત્રીએ મહામહિમ અને ઓમાનના લોકોને ઈદની શુભકામનાઓ પાઠવી**

**બંને નેતાઓએ ભારત-ઓમાન સંબંધોને વધુ મજબૂત કરવા માટે તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી**

કમલમ્ ન્યુઝ, તા.૧૧

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આજે ઓમાનના સુલતાન મહામહિમ સુલતાન હૈથમ બિન તારિકનો ફોન આવ્યો. સુલતાન હૈથમ બિન તારિકે તાજેતરમાં પૂર્ણ થયેલી સામાન્ય ચૂંટણીઓ બાદ ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે તેમની પુનઃનિયુક્તિ બદલ પ્રધાનમંત્રીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા. મહામહિમે ઓમાન અને ભારત વચ્ચેના સદીઓ જૂના મિત્રતાના સંબંધો પર ભાર મૂક્યો હતો અને ભારતના લોકોની પ્રગતિ અને સમૃદ્ધિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રીએ ઉષ્માભરી શુભેચ્છાઓ માટે મહામહિમનો આભાર માન્યો હતો અને ડિસેમ્બર ૨૦૨૩માં ભારતની તેમની ઐતિહાસિક મુલાકાત પર પ્રકાશ પાડ્યો હતો જેના કારણે તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધુ ગાઢ બન્યો હતો. બંને નેતાઓએ બંને દેશોના પરસ્પર લાભ માટે ભારત-ઓમાન ભાગીદારીને વધુ ગાઢ અને મજબૂત કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. પ્રધાનમંત્રીએ આગામી ઈદ અલ અધાના તહેવાર પર મહામહિમ અને ઓમાનના લોકોને પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# શ્રી જગત પ્રકાશ નડ્ડાએ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીનો કાર્યભાર સંભાળ્યો





કમલમ્ ન્યુઝ, તા.૧૧

શ્રી જગતપ્રકાશ નડ્ડાએ આજે અહીં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી પ્રતાપરાવ જાધવ અને સુશ્રી અનુપ્રિયા પટેલ, એમઓએસ (એમઓએચએફડબલ્યુ) પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી જે પી નડ્ડાએ ૧૯૭૫માં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ૧૯૮૯માં લોકસભા ચૂંટણી દરમિયાન તેમને ભાજપની યુવા પાંખના ચૂંટણી પ્રભારી તરીકે મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદ તેઓ પોતાના ગૃહ રાજ્ય હિમાચલ પ્રદેશમાંથી વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા અને ત્રણ વખત જીત્યા હતા. તેઓ હિમાચલ પ્રદેશમાં કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. તેમણે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને ભાજપ સંસદીય બોર્ડના સભ્ય સચિવની જવાબદારીઓ પણ નિભાવી હતી. તેઓ નવેમ્બર ૨૦૧૪ થી મે ૨૦૧૯ સુધી કેન્દ્રીય આરોગ્ય પ્રધાનના હોદ્દા પર રહ્યા હતા. શ્રી જે પી નડ્ડાએ કાર્યભાર સંભાળ્યા પછી કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત પણ કરી હતી, જ્યાં તેમને હાલ ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ વિશે જાણકારી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીનું સ્વાગત મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ કર્યું હતું, જેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ શ્રી અપૂર્વ ચંદ્રા અને અધિક સચિવ (સ્વાસ્થ્ય) શ્રીમતી રોલી સિંહ સામેલ છે.

# શ્રી પવિત્ર માર્ગેરિટાએ કાપડમંત્રાલયમાં રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો



કમલમ્ ન્યુઝ, તા.૧૧

શ્રી પવિત્રમાર્ગેરિટાએ આજે અહીં ટેક્સટાઈલ મંત્રાલયમાં રાજ્ય મંત્રીનો હોદ્દો સંભાળ્યો છે. શ્રી માર્ગેરિટા રાજ્યસભાના સભ્ય છે, જેઓ આસામના માર્ગેરિટા વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી પિયુષ ગોયલે કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહની ઉપસ્થિતિમાં શ્રી માર્ગેરિટાને પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે ટેક્સટાઈલ મંત્રાલયનાં સચિવ શ્રીમતી રચના શાહ તેમજ મંત્રાલયનાં અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪માં ચૂંટાયેલા પાંચ નવ નિયુકત ધારાસભ્યશ્રીઓની શપથવિધિ સંપન્ન

### વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ નવ નિયુક્ત ધારાસભ્યશ્રીઓને શપથ લેવડાવ્યા







### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્યમંત્રી મંડળના સભ્યોની પ્રેરક ઉપસ્થિત

કમલમ્ ન્યુઝ, તા.૧૧

ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪માં ચૂંટાયેલા પાંચ નવ નિયુકત ધારાસભ્યશ્રીઓને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આજે વિધાનસભા ખાતે ધારાસભ્ય પદ માટેના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના સભ્યશ્રીઓએ નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલ શપથવિધિ સમારંભમાં ૨૬-વિજાપુર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા, ૮૩-પોરબંદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ૮૫-માણાવદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ લાડાણી, ૧૦૮-ખંભાત વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી ચિરાગકુમાર પટેલ અને ૧૩૬-વાઘોડિયા વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કર્યા હતા.

## તંત્રી સ્થાનોથી......

ગુજરાત રાજ્યને આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિયુકત રાજ્ય બનાવવા રાજ્ય સરકાર મિશન મોડમાં કામ કરી રહી છે, ત્યારે રાજકોટ જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિને વેગ આપવા ખેડૂતો તેમજ વિસ્તરણ કાર્યકરોને તાલીમ અપાઈ રહી છે. જે અંતર્ગત આત્મા પ્રોજેકટ-રાજકોટ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડિયા ખાતે ગતરોજ એક દિવસીય પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આત્મા પ્રોજેકટના પ્રોજેકટ ડાયરેકટર શ્રી એચ.ડી.વાદી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડિયાના વડા ડૉ. જી. વી. મારવીયા, સુકી ખેતી સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક ડૉ. ડી. એસ. હીરપરા, કૃષિ વૈજ્ઞાનિકો ડૉ. જે. એચ. ચૌધરી, ડૉ.જે. એન. ઠાકર, આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી પ્રોજેકટ ડાયરેકટર શ્રી મેહુલ નસિત તેમજ રાજકોટ જિલ્લાના ૪૦ જેટલા ગ્રામસેવકો અને વિસ્તરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમની શરૂઆતમાં શ્રી એચ. ડી. વાદી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને તાલીમની અગત્ય વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જ્યારે ડૉ. ડી. એસ. હીરપરા દ્વારા પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે ડૉ.જે. એચ. ચૌધરી દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ બીજામૃત અને જીવામૃત બનાવવાની પદ્ધતિનું પ્રાયોગિક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. ડૉ. જે. એન. ઠાકર દ્વારા પ્રાકૃતિક ખેતીમાં રોગ-જીવાતના નિયંત્રણ અંગે માહિતી આપવામાં આવી હતી. જ્યારે ડૉ. જી. વી. મારવીયા દ્વારા પ્રાકૃતિક ખેતીમાં પોષણ વ્યવસ્થાપન વિશે માહિતી આપવામાં આવી હતી. તાલીમના અંતે પ્રશ્નોતરીના માધ્યમથી વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી હતી અને શંકાનું સમાધાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર તાલીમના સુચારૂ આયોજન માટે શ્રી અરવિંદભાઈ બેરાણી અને કુ.પાયલબેન ટાંકનો સહયોગ મળ્યો હતો.

# કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ ગ્રાહક બાબતો, ખાદ્યાન્ના અને જાહેર વિતરણ મંત્રાલયનો હવાલો સંભાળ્યો

### ૮૦ કરોડ ભારતીયોની સેવા કરવા સાથે સીધો સંબંધ ધરાવતા આ મંત્રાલયમાં સેવા કરવાની શ્રેષ્ઠ તકઃ શ્રી જોશી




કમલમ્ ન્યુઝ, તા.૧૧

કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ આજે અધિકૃત રીતે ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયનો હવાલો સંભાળ્યો. પૂર્વ કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રીશ્રી પિયુષ ગોયલે રાજ્યમંત્રીશ્રી બી.એલ.વર્મા અને શ્રીમતીનિમુબેન જયંતીભાઈ બાંભણીયાની ઉપસ્થિતિમાં શ્રી જોશીને ચાર્જ સોંપ્યો હતો.

આ પ્રસંગે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સચિવ શ્રી સંજીવ ચોપરા તથા ગ્રાહક બાબતોનાં વિભાગનાં સચિવ શ્રીમતી નિધિ ખરે તેમજ મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યભાર સંભાળવાના પ્રસંગે શ્રી પ્રહલાદ જોશીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો તેમને તક આપવા બદલ આભાર માન્યો હતો. શ્રી જોશીએ કહ્યું હતું કે, "હું આભારી છું કે માનનીય પ્રધાનમંત્રીએ મને આ મંત્રાલયમાં સેવા કરવાની તક આપી છે, જેનો સીધો સંબંધ ૮૦ કરોડ ભારતીયોની સેવા સાથે છે." શ્રી જોશીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના મુખ્ય યોજના છે, જે જાહેર વિતરણ વ્યવસ્થા મારફતે નિઃશુલ્ક અનાજ પ્રદાન કરે છે. તેમણે કહ્યું હતું કે, તેમની પ્રાથમિકતા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ગોયલ દ્વારા સરકારનાં પ્રથમ ૧૦૦ દિવસમાં ઓળખાયેલી પ્રવૃત્તિઓનો અમલ કરવાની રહેશે.




કમલમ્ ન્યુઝ, તા.૧૧

ગાંધીનગર સ્થિત કેબિનેટ મંત્રી આદિજાતી વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબના કાર્યાલય ખાતે નવીશિક્ષણ નીતિ ૨૦૨૦અન્વયે ધો-૧ અને ધો-૨ ના વિધાર્થીઓ માટે સાધનો વિકસાવવા માટે માર્ગ દર્શન પુરું પાડ્યું. સુવિધાયુક્ત શાળાઓના નિર્માણથી સ્થાનિક સ્તરે જ બાળકોને પૂરતી સગવડ પ્રદાન કરવાનો રાજ્ય સરકારે મક્કમનિર્ધાર કર્યો છે. આ તકે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, સંબધીત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી મનસુખ માંડવિયાએ યુવા બાબતો અને રમતગમત મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો





કમલમ્ ન્યુઝ, તા.૧૧

શ્રી મનસુખ માંડવિયાએ આજે શાસ્ત્રી ભવનમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેઓ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીનો પોર્ટફોલિયો પણ ધરાવે છે. રમતગમત વિભાગના સચિવ અને યુવા બાબતોનાં વિભાગનાં સચિવ તેમજ મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓએ મંત્રીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસે પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કેન્દ્રીય પ્રધાનોને મંત્રાલયની યોજનાઓ અને પહેલ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. અગાઉ તેમણે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી અને કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીનો હવાલો સંભાળ્યો હતો.

# ડો. સુકંતા મજુમદારે શિક્ષણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો

કમલમ્ ન્યુઝ, તા.૧૧

શિક્ષણ મંત્રાલયમાં નવનિયુક્ત રાજ્યપ્રધાન ડૉ. સુકંતા મજુમદારે આજે નવી દિલ્હીના શાસ્ત્રી ભવનમાં પોતાના હોદ્દાનો હવાલો સંભાળી લીધો હતો. શિક્ષણ મંત્રાલય પહોંચ્યા બાદ ડૉ. મજુમદારનું મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ સ્વાગત કર્યું હતું. ડૉ. મજુમદારે મીડિયા પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો તેમના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ માટે આભાર વ્યક્ત કર્યો હતો. ડૉ. મજુમદારે શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનને પણ અભિનંદન આપતાં કહ્યું હતું કે, તેમનો બહોળો અનુભવ તેમને મંત્રાલયમાં કામ કરવામાં અને શિક્ષણ ક્ષેત્ર માટે પ્રધાનમંત્રીનાં વિઝનને સાકાર કરવામાં મદદરૂપ થશે. ડો.સુકંતા મજુમદાર ૧૭મી



લોકસભામાં સંસદસભ્ય તરીકે પણ રહી ચૂક્યા છે. તેઓ સપ્ટેમ્બર (૨૦૨૧) થી ભાજપ બંગાળના પ્રદેશઅધ્યક્ષ છે.તેઓ બાલુરઘાટ (પશ્ચિમ બંગાળ) મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ઉત્તર બંગાળ યુનિવર્સિટીમાંથી વનસ્પતિશાસ્ત્રમાં એમ.એસ.સી., બી.એડ અને પીએચડી કર્યું છે. તેઓ પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં આવેલી ગૌર બાંગા યુનિવર્સિટીમાં વનસ્પતિશાસ્ત્રના પ્રોફેસર છે. તેઓ ૨૦૧૯ થી ઈન્ફર્મેશન ટેકનોલોજી અને અરજીઓ પરની સમિતિની સ્થાયી સમિતિના સભ્ય હતા.



કમલમ્ ન્યુઝ, તા.૧૧

આણંદ લોકસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ સાંસદશ્રી મિતેષભાઈ પટેલે સારસા સ્થિત ગુરુગાદી સારસાપુરી ખાતે જગતગુરુ શ્રી અવિચલદેવાચાર્ય મહારાજ જી ના આર્શીવાદ પ્રાપ્ત કર્યા.

# શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે પ્રવાસન મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો

કમલમ્ ન્યુઝ, તા.૧૧

શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે આજે અહીં કેન્દ્રીય પ્રવાસન મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. સચિવ, પ્રવાસન મંત્રાલય કુ. વી. વિદ્યાવતીએ, મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે, મંત્રીનું સ્વાગત કર્યું. શ્રી શેખાવતને પ્રવાસન મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા મંત્રાલયની યોજનાઓ અને પહેલો વિશે ટૂંકમાં જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે બોલતા શ્રી શેખાવતે આભારની લાગણી વ્યક્ત કરી હતી કે, તેમને ભારતને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરવાની અને વિશ્વને આપણા દેશમાં આમંત્રિત કરવાની આ જવાબદારી સોંપવામાં આવી છે.




મંત્રીએ ઉમેર્યું હતું કે, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમની વિવિધ મુલાકાતો અને શબ્દો મારફતે આપણી પ્રવાસન સંભવિતતા પર ભાર મૂક્યો હોવાથી આપણે તેને વધારવાની દિશામાં કામ કરીશું, જેમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધીનાં આપણાં વિવિધ કુદરતી અને સાંસ્કૃતિક વારસાનાં સ્થળો પર પ્રકાશ પાડવામાં આવશે."

# કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો

### "MoPSW દરિયાઈ અમૃત કાલ વિઝન ૨૦૪૭માં દર્શાવ્યા મુજબ સંપૂર્ણ વિકાસ માટે દરિયાઈ ક્ષેત્રને સશક્ત બનાવવાની દિશામાં તેનું કાર્ય ચાલુ રાખશે" : સર્બાનંદ સોનોવાલ







### "લોકોએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જેઓ વિકસીત ભારત તરફ 'રાષ્ટ્ર પ્રથમ'ના વિચાર સાથે અમને માર્ગદર્શન આપતા રહેશે": સર્બાનંદ સોનોવાલ

કમલમ્ ન્યુઝ, તા.૧૧

કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે ૧૦ જૂનના રોજ નવી દિલ્હીમાં બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો હતો. પદાધિકારીઓ તેમજ કર્મચારીઓને સંબોધતા મંત્રીશ્રીએ આ દેશની જનતાની સેવા કરવાના વિઝન સાથે લક્ષ્યાંકો અને ઉદ્દેશો પાર પાડવા માટે ટીમ ઉપર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી સોનોવાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકસિત ભારત બનવા માટે આ દેશની સેવા કરવાની પ્રતિબદ્ધતા પૂર્ણ હોવી જોઈએ તથા તેમણે તેમની ટીમને આ દિશામાં તેમનાં સારાં કાર્યોને જાળવી રાખવા અપીલ કરી હતી. આ પ્રસંગે શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ગતિશીલ નેતૃત્વ હેઠળ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય આર્થિક પાવરહાઉસ બનવાના અમારા પ્રયાસમાં દરિયાઈ ક્ષેત્રને સશક્ત બનાવવા અને તેના સંપૂર્ણ વિકાસ માટે કેટલાક ઉત્કૃષ્ટ કાર્ય કરી રહ્યું છે.

જ્યારે આપણે વિકસિત ભારતના અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ આગળ વધી રહ્યા છીએ, ત્યારે આપણે રાષ્ટ્ર પ્રથમના ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્ર નિર્માણના હેતુ માટે પોતાને પ્રતિબદ્ધ કરવાનું ચાલુ રાખીશું. અમારું મંત્રાલય અમૃત કાલ વિઝન, ૨૦૪૭માં દર્શાવ્યા મુજબ સમગ્રતયા વિકાસ માટે દરિયાઈ ક્ષેત્રને સશક્ત બનાવવાની દિશામાં કામ કરવાનું ચાલુ રાખશે."

# શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રીનો કાર્યભાર સંભાળ્યો






### આપણા દેશની વધતી જતી સોફ્ટ પાવર તેના સમૃદ્ધ સાંસ્કૃતિક સંરચનામાં છેઃ શ્રી શેખાવત

કમલમ્ ન્યુઝ, તા.૧૧

શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે આજે અહીં કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતા, શ્રી શેખાવતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો તેમનામાં વિશ્વાસ જગાડવા અને આપણા દેશ અને વિશ્વ બંનેમાં ભારતીયતાની ગતિશીલતાને જાળવવા, સુરક્ષિત કરવા અને તેને પ્રોત્સાહન આપવા માટે આ તક આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઈન્ડિયાથી ભારતના પરિવર્તન દરમિયાન, પ્રધાનમંત્ર શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમે આપણા વસાહતી વસ્ત્રોને જાળવવા અને આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાને પુનઃ સ્થાપિત કરવા માટે વિશાળ પગલાં લઈ રહ્યા છીએ. શ્રી શેખાવતે જણાવ્યું હતું કે, આપણા દેશની વધતી જતી સોફ્ટ પાવર તેના સમૃદ્ધ સાંસ્કૃતિક સંરચનામાં છે અને કલા, સંગીત, નૃત્ય, કાપડ વગેરે સ્વરૂપે તેની અસંખ્ય અભિવ્યક્તિઓ છે. 'ચાલો આપણે આ અમૃત કાલમાં તેને મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરીએ અને સંસ્કૃતિને વણાટવા માટે એક મજબૂત દોરો બનાવીએ વિકસીત ભારત', એમ મંત્રીશ્રી એ ઉમેર્યું હતું. સચિવ શ્રી ગોવિંદ મોહન અને સંસ્કૃતિ મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતનું સ્વાગત કર્યું હતું.

# શ્રી મનોહર લાલે વીજમંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો








કમલમ્ ન્યુઝ, તા.૧૧

શ્રી મનોહર લાલે આજે શ્રમ શક્તિ ભવન ખાતે આવાસ અને શહેરી બાબતોના મંત્રીના તેમના હાલના પોર્ટફોલિયો ઉપરાંત કેન્દ્રીય વીજ મંત્રાલયનો હવાલો સંભાળ્યો હતો. વીજ મંત્રાલયના સચિવ શ્રી પંકજ અગ્રવાલ સહિત મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ મંત્રીનું સ્વાગત કર્યું. પૂર્વ ઉર્જા મંત્રીશ્રી રાજકુમાર સિંહે પોતાના ઉત્તરાધિકારીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વીજ મંત્રાલયનાં રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ યેસો નાઈક પણ ઉપસ્થિત રહ્યાં હતાં. કેન્દ્રીય મંત્રીને વીજ મંત્રીના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા જાણકારી આપવામાં આવી હતી અને કાર્યભાર સંભાળ્યા બાદ તેમણે દેશમાં વીજ પુરવઠાની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક પણ લીધી હતી.

# શ્રી ભૂપેન્દ્ર યાદવે કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રીનો કાર્યભાર સંભાળ્યો

## શ્રી કિર્તીવર્ધન સિંહે પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજ્યમંત્રીનો કાર્યભાર સંભાળ્યો





કમલમ્ન્યુઝ, તા.૧૧

શ્રી ભૂપેન્દ્ર યાદવેઆજે ૧૧ જૂન ૨૦૨૪ના રોજ કેન્દ્રીય પર્યાવરણ, વનઅને આબોહવામાં પરિવર્તન મંત્રી (એમઓઈએફએન્ડસીસી) તરીકે કાર્યભાર સંભાળ્યોહતો. પર્યાવરણ ભવન ખાતેની ઓફિસમાં સચિવ સુશ્રી લીના નંદન, સચિવ (ઈએફએન્ડસીસી) અને મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાંઆવ્યું હતું. શ્રી કિર્તીવર્ધન સિંહે રાજ્યમંત્રી તરીકેનોહોદ્દો પણ સંભાળ્યો હતો. કાર્યભાર સંભાળ્યા બાદ મીડિયાને જાણકારી આપતા કેન્દ્રીય મંત્રીએ માનનીય પ્રધાનમંત્રીનોઆ તક આપવાબદલ આભાર માન્યોહતો અને કહ્યું હતું કે, તેઓ મંત્રાલયમાં તેમની ફરજો અને જવાબદારીઓ અદા કરવા તૈયાર છે. તેમણે રાજ્ય મંત્રી શ્રી કિર્તીવર્ધન સિંહનું પણ સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં આ મંત્રાલય દ્વારા છેલ્લા ૧૦ વર્ષોમાં ઘણા પગલા લેવામાં આવ્યા છે અને સરકાર પર્યાવરણ અને વિકાસને સાથે લઈને આગળ વધી રહી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, પર્યાવરણ માટે મિશન લાઈફ– જીવનશૈલી જેવી પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે તેમણે કહ્યું હતું કે, વૈશ્વિક સ્તરે પર્યાવરણની કટોકટી છે અને માનનીય પ્રધાનમંત્રીએ ગ્લાસગો, ક્લાઈમેટ કોન્ફરન્સ ૨૦૨૧માં મિશન લાઈફ- જીવનશૈલી ફોર એન્વાયર્નમેન્ટની જાહેરાત કરી હતી. તેમણે એમપણ જણાવ્યું હતું કે મિશન લાઈફ આબોહવા-હકારાત્મક વર્તણૂક માટે વ્યક્તિઓને એકત્રિત કરવા અને પર્યાવરણને અનુકૂળ સ્વ-ટકાઉ વર્તણૂકોને મજબૂત અને સક્ષમ બનાવવા માટે એક ઈકોસિસ્ટમ બનાવવાનો ઈરાદો ધરાવે છે. તે મન વગરના વપરાશને બદલે માઈન્ડફુલ વપરાશને જાળવી રાખે છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે સરકાર માને છે કે પર્યાવરણીય સંરક્ષણ અને વિકાસ ખભેખભોમિલાવીને ચાલી શકે છે. તેમણે જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રીએ વૃક્ષારોપણની પહેલ પણ શરૂ કરી છે. વધતા જતા ગ્લોબલ વોર્મિંગનો સામનો કરવા અને તમામ નાગરિકોને સામૂહિક વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા માટે વિશ્વ પર્યાવરણદિવસ, ૨૦૨૪ના રોજ માનનીય પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરવામાં આવેલી આ પહેલમાં ભાગ લેવા વિનંતી કરી. તેનાથી વધતા તાપમાન, રણીકરણ અને જૈવિક વિવિધતાનો સામનો કરી રહેલા પડકારોનોસામનો કરવામાં મદદ મળશે. ચાર્જ સંભાળ્યા પછી, મંત્રીએ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓસાથે બેઠકપણ યોજી હતી જ્યાંતેમને મંત્રાલયની મુખ્ય પહેલો અને નીતિગત મુદ્દાઓ પર જાણકારી આપવામાંઆવી હતી.

# શ્રી સંજય શેઠે રક્ષા રાજ્ય મંત્રીનો હોદ્દો સંભાળ્યો



કમલમ્ન્યુઝ, તા.૧૧

શ્રી સંજય શેઠે ૧૧ જૂન, ૨૦૨૪ના રોજ સંરક્ષણ મંત્રાલયના રાજ્ય મંત્રીના પદનો હવાલો સંભાળ્યો હતો. સંરક્ષણ સચિવશ્રી ગિરિધર અરામણે અને સંરક્ષણ મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ શ્રી સંજય શેઠનું સ્વાગત કર્યું હતું અને તેમની સાથે તેમની સાઉથ બ્લોક ઓફિસમાં ગયાહતા. આપ્રસંગે શ્રીસંજય શેઠે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો આ જવાબદારી અદા કરવા બદલ આભાર માન્યોહતો. શ્રીસંજય શેઠે કહ્યુંહતું કે, તેઓ સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહનાંમાર્ગદર્શન હેઠળ સેવા આપવા આતુર છે, જેમની સાથે તેમણે અગાઉ વિવિધ ક્ષમતાઓમાં કામ કર્યું હતું. શ્રી સંજય શેઠે જણાવ્યું હતું કે, તેઓ સંરક્ષણ મંત્રાલયનીકેટલીક પહેલો પૂર્ણ કરવા આતુર છે, જેનો ઉદ્દેશ દેશની સુરક્ષાને મજબૂત કરવાનો છે. કાર્યભાર સંભાળતાપહેલા શ્રી સંજય શેઠે નવી દિલ્હીમાં તેમના સત્તાવાર નિવાસસ્થાને રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહની મુલાકાત લીધી હતી. શ્રી સંજય શેઠ રાંચી લોકસભા મતવિસ્તારમાંથી બીજી વખત સાંસદ બન્યાં છે. તેઓ ૨૦૧૯માં આ જ મતવિસ્તાર માંથી ચૂંટાયા હતા, અને ઈન્ફર્મેશન ટેકનોલોજી પરની સ્થાયી સમિતિના સભ્ય હતા. શ્રી સંજય શેઠ અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગેની સમિતિના સભ્ય પણ હતા. શ્રી સંજય શેઠ ૨૦૧૬-૨૦૧૯ સુધી ઝારખંડ રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષ હતા.

# શ્રી પ્રતાપરાવ ગણપતરાવ જાધવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય કક્ષાના કેન્દ્રીય મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો









કમલમ્ન્યુઝ, તા.૧૧

શ્રી પ્રતાપરાવ જાધવ આજે અહીં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાંકેન્દ્રીય રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેઓ આયુષ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) નો પોર્ટફોલિયોપણ ધરાવે છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયમાં કાર્યભાર સંભાળતા અગાઉ શ્રી પ્રતાપરાવ જાધવે તેમના નિવાસસ્થાને એક છોડનું વાવેતર કર્યુંહતું. કાર્યભાર સંભાળ્યા બાદ તેમણેપોતાના અંગોનુંદાન કરવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. શ્રી પ્રતાપરાવ જાધવે ત્રણ ટર્મ માટે મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્ય અનેરમતગમત, યુવાકલ્યાણ અને સિંચાઈ રાજ્યમંત્રી સહિત વિવિધ ક્ષમતાઓમાં મહારાષ્ટ્રના લોકોનું પ્રતિનિધિત્વકર્યું છે.

તે ૨૦૦૯, ૨૦૧૪, ૨૦૧૯માં અને ફરીથી ૨૦૨૪માં બુલઢાણાના મતવિસ્તારમાંથી લોકસભામાં ચૂંટાયા હતા. તેઓ ૧૯૯૭થી ૧૯૯૯ સુધી મહારાષ્ટ્ર સરકારના રમતગમત, યુવા કલ્યાણ અને સિંચાઈ વિભાગનારાજ્ય કક્ષાનામંત્રી પણ રહ્યા હતા. લોકસભામાં ચૂંટાયા બાદ તેઓ ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ પરની સ્થાયી સમિતિનાઅધ્યક્ષ અનેસંચાર અને માહિતી ટેકનોલોજીઅંગેની સ્થાયી સમિતિના અધ્યક્ષ જેવા મહત્વના હોદ્દા પર રહ્યા છે. ત્યારબાદ તેમણે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીશ્રી જેપી નડ્ડા સાથે વાતચીત દરમિયાન સ્વાસ્થ્ય મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. કેન્દ્રીય મંત્રીનું સ્વાગત મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ કર્યું હતું, જેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ શ્રી અપૂર્વ ચંદ્રાઅને અધિકસચિવ (સ્વાસ્થ્ય) શ્રીમતી રોલી સિંહ સામેલ છે.

# શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો

## શ્રી બી. એલ. વર્માએ ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો





કમલમ્ન્યુઝ, તા.૧૧

શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ આજે સત્તાવાર રીતે ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રીનો કાર્યભાર સંભાળ્યો હતો. પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી શ્રીપિયુષ ગોયલે કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશી અને રાજ્ય મંત્રી બી. એલ. વર્માની ઉપસ્થિતિમાં શ્રીમતી બાંભણિયાને પુષ્પગુચ્છ અર્પણ કર્યું હતું. શ્રી બી. એલ. વર્માએ આજે અહીં ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ મંત્રાલયનાં રાજ્ય મંત્રી તરીકેનો હોદ્દો પણ સંભાળ્યો છે. શ્રી ગોયલ અને શ્રી જોશીએ શ્રીમતી બાંભણિયાની ઉપસ્થિતિમાં આ પ્રસંગે શ્રી વર્માનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સચિવ શ્રી સંજીવ ચોપરા અને ગ્રાહક બાબતોનાં વિભાગનાં સચિવ શ્રીમતી નિધિખરે તથા મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# કેન્દ્રીય મંત્રી શ્રી ગિરિરાજ સિંહે કાપડ મંત્રાલયનો હવાલો સંભાળ્યો

## વૈશ્વિક નિકાસમાં કાપડનો નોંધપાત્ર હિસ્સો છેઃ શ્રી સિંહ



## કાપડ ઉદ્યોગમાં રોજગારની વિશાળ તકો છેઃ શ્રી સિંહ

કમલમ્ન્યુઝ, તા.૧૧

કેન્દ્રીય મંત્રી શ્રી ગિરિરાજ સિંહે આજે સત્તાવાર રીતે કાપડ મંત્રાલયનો હવાલોસંભાળ્યો. ભૂતપૂર્વ કેન્દ્રીય કાપડમંત્રી શ્રીપીયૂષ ગોયલે રાજ્ય મંત્રીશ્રી પબિત્રામાર્ગેરિટાની ઉપસ્થિતિમાંશ્રી સિંહને ચાર્જ સોંપ્યો હતો.ટેકસટાઈલમંત્રાલયનાસચિવ શ્રીમતીરચના શાહ અને મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ચાર્જ સંભાળવાના પ્રસંગે કેન્દ્રીય કાપડ મંત્રીશ્રી સિંહે કહ્યું, "ટેકસટાઈલક્ષેત્રમાં રોજગારીની વિશાળ તકો છે. વૈશ્વિક નિકાસના સંદર્ભમાં પણ ઉદ્યોગનો મોટો હિસ્સો છે." શ્રીસિંહે વધુમાંભારપૂર્વક જણાવ્યું હતું કે, કાપડ ઉદ્યોગપણ ખેડૂતો સાથે જોડાયેલો છે અને આ ઉદ્યોગને આગળ લઈ જવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ પ્રયાસો કરવામાં આવશે.

# શ્રી સુરેશ ગોપીએ પ્રવાસન રાજ્ય મંત્રી તરીકેનો પદભાર ગ્રહણ કર્યો



કમલમ્ન્યુઝ, તા.૧૧

શ્રી સુરેશ ગોપીએ આજે ??અહીંપ્રવાસન મંત્રાલયનારાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો. પ્રવાસન મંત્રાલયના સચિવ વી. વિદ્યાવતી સહિત મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ મંત્રીનું સ્વાગત કર્યું હતું. મંત્રીએ પ્રવાસન મંત્રાલયનાવરિષ્ઠ અધિકારીઓસાથે વાતચીત કરી અને દેશમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટેનાતેમના વિઝન વિશે ચર્ચા કરી. શ્રી સુરેશ ગોપી કેરળના ત્રિશૂરથી સંસદસભ્ય છે.

# ડૉ. લોગાનાથન મુરુગને માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો



કમલમ્ન્યુઝ, તા.૧૧

ડૉ. એલ. મુરુગને આજે કેન્દ્રીયમાહિતીઅનેપ્રસારણ રાજ્ય મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતાં ડૉ. મુરુગને તેમનામાં વિશ્વાસ રાખવાબદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનોઆભાર વ્યક્તકર્યો. તેમણે વધુમાં જણાવ્યું કે, માહિતી અને પ્રસારણ મંત્રાલય સરકાર અને દેશની જનતા વચ્ચે સંચાર સેતુ તરીકે કામ કરીને સરકારની નીતિઓને અમલમાં મુકવામાં મુખ્ય ભૂમિકાભજવે છે.

ડૉ. મુરુગને જણાવ્યું કે, સરકાર ગરીબ કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩ કરોડ ગ્રામીણ અને શહેરી મકાનો બનાવવાના કેબિનેટના નિર્ણયથી તે વાત સ્પષ્ટ થાય છે. ડૉ. મુરુગનનું સ્વાગત સચિવશ્રી સંજય જાજુ અને મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને મંત્રાલય હેઠળના મીડિયા એકમો દ્વારા કરવામાંઆવ્યું હતું.

# કેન્દ્રીય મંત્રી શ્રી રાજીવ રંજન સિંહે મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય તથા પંચાયતી રાજ મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો

## રાજ્ય કક્ષાના મંત્રીઓ શ્રી જ્યોર્જ કુરિયન અને પ્રોફેસર એસ. પી. સિંહ બઘેલે પણ કાર્યભાર સંભાળ્યો



કમલમ્ન્યુઝ, તા.૧૧

કેન્દ્રીય મંત્રી શ્રી રાજીવ રંજન સિંહે આજે મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય તથા પંચાયતી રાજ મંત્રાલયની જવાબદારી સંભાળીછે. કાર્યભાર સંભાળ્યા બાદ મીડિયાને સંબોધિત કરતા મંત્રીએ કહ્યુંકે, નરેન્દ્ર મોદી સરકારની દૂરંદેશીઅને નીતિઓના અમલીકરણમાં નિરંતરતા રહેશે. શ્રી સિંહે જણાવ્યું હતું કે, તેમનું ધ્યાન આવિઝનનાં અમલીકરણમાં દેખાઈ શકે તેવાકોઈપણ અવરોધને દૂર કરવાપર કેન્દ્રિતરહેશે પંચાયતી રાજ અને મત્સ્યપાલન, પશુપાલન અને ડેરીઉદ્યોગ મંત્રીપ્રોફેસર એસ. પી. સિંહ બઘેલતથા મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયને પણ પોતપોતાના પોર્ટફોલિયોનો હવાલો સંભાળી લીધો હતો. માનનીય મંત્રીઓનું વિભાગીય સચિવો અને મંત્રાલયોના અન્ય વરિષ્ઠ અધિકારીઓદ્વારાસ્વાગત કરવામાં આવ્યું હતું.

# શ્રી ચિરાગ પાસવાને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના કેન્દ્રીય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો







કમલમ્ન્યુઝ, તા.૧૧

શ્રી ચિરાગ પાસવાને આજે નવી દિલ્હીના પંચશીલ ભવન ખાતે કેન્દ્રીય ખાદ્યપ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો. સચિવ શ્રીમતી અનિતાપ્રવીણે વરિષ્ઠ અધિકારીઓ સાથે મંત્રીનું સ્વાગત કર્યું. પદભાર ગ્રહણ કર્યા બાદ શ્રી ચિરાગ પાસવાને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી અને યોજનાઓની સમીક્ષા કરી. મંત્રીએ ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયની જવાબદારીસોંપવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનોઆભાર માન્યો. તેમણે કહ્યુંકે તેઓપોતાના તમામ પ્રયાસો કરશે અને મંત્રાલયનાઉદ્દેશ્યોને આગળ ધપાવશે. કાર્યભાર સંભાળ્યા પછી, શ્રી પાસવાને તમામ ચાલી રહેલી યોજનાઓ અને મંત્રાલયના ભાવિ આયોજનની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી અને અધિકારીઓને સરકારની ૧૦૦ દિવસની યોજનાને પ્રાપ્ત કરવા માટે કામ કરવાના નિર્દેશ આપ્યા. શ્રીચિરાગ પાસવાન બિહારના હાજીપુરથીસંસદસભ્ય છે.

